ગાંધીનગર સમાચાર



## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

કાપ કરવત કાપ મારા આંગળાની છાપને;
હું કબૂલું છું,ગુલાબો ચૂંટવાના પાપને !
સૂર્યનો સિક્કો ઉછાળ્યો, મેં હવામાં એ પછી,
રાતદિન,દિનરાતના ભૂલી ગયો છું આપને !
- ચિનુ મોદી.

### પાથેય

- રમેશ ઠક્કર

# આપણી અંદરનું એલાર્મ...

પસ્તાવાનું વિપુલ ઝરણું ઈશ્વરની દેન છે.માણસ એમાં ડૂબકી મારી પુણ્યશાળી બની શકે છે.આજીવન એકધારી રીતે સતત ખોટાં કામો કરતો માણસ છેવટે તો થાકી જતો હોય છે.એ વખતે એની પાસે કરેલા કામોની કબૂલાત અને વસવસા સિવાય કશું હોતું નથી..કહેવાય છે કે સદ અને અસદ બંને આપણી ભીતર ચાલતાં રહે છે..દુનિયાની નજરમાં પાપ અને પુણ્યના અલગઅલગ માપદંડો હોઈ શકે..દરેક પ્રદેશની પોતાની આગવી ઓળખ હોય છે એમ જીવન માટેની અલગ માન્યતાઓ પણ હોય છે..એક ને માટે જે સત્ય છે એ બીજાને માટે ધરાર જૂઠ પણ હોઈ શકે..આ બધાની વચ્ચે કેટલીક માન્યતાઓ કે મૂલ્યો એવાં પણ હોય છે જે સર્વકાલીન હોઈ શકે...સર્વમાન્ય પણ હોઈ શકે..સાચું શું હોય અને ખોટું શું હોઈ શકે એ દરેકની ભીતર રહેલું કોઈક રહસ્યમય તંત્ર સારી રીતે જાણી શકતું હોય છે...આમ છતાં માણસ જાણે પોતાની અંદરના એ અસાધારણ તત્વની જ સતત અવગણના કરતો રહે છે.

એકધારી રીતે સ્વયંને અવગણી જીવતો માણસ જયારે ઠોકર ખાય છે ત્યારે એને સાચી પરિસ્થિતિની ખબર પડે છે..સમયસર આવું બને ત્યારે એની સામે બે વિકલ્પો ઉભા થાય છે. પોતાના અંતરાત્માને અનુસરી હવે પછી એ રીતે જીવવું જેથી એમાં કોઈ અફસોસનું કારણ ન રહે..એ રીતે ઘણા લોકો પોતાનું જીવન બદલી શકવાના અનેક દાખલા મોજૂદ છે..એવું કહેવાય છે કે માણસ એના ભૂતકાળથી નથી ઓળખાતો પરંતુ એના વર્તમાનને એ કેટલો વફાદાર રહે છે એના થકી એ ઓળખાય છે.જગતમાં એવા પણ લોકો છે જે અનેક ઠોકરો ખાધા પછી કે અનેકવાર પછડાયા પછી પણ પોતાના જીવનનું ધ્યેય નક્કી કરી શકતા નથી..જાણેઅજાણે પોતાને ન ગમતી હોય એવી કે જગત જેને ખરાબ માનતી હોય એવી હરકતો એ કરતા રહે છે..ઘણીવાર પોતાની આ દોડનો એહસાસ એમને ઘણો મોડેથી થતો હોય છે..એ વખતે જીવનના રસ્તાનો આખરી છેડો નજર સામે આવી ગયેલો એ જોઈ શકે છે..આ સંજોગોમાં કેવળ વસવસાના સહારે જીવતા સિવાયનો વિકલ્પ એની પાસે રહેતો નથી..

આપણા જીવનની એક એક પળ આમ તોશેક પ્રકારની કસોટી જ હોય છે..દરેક નવો અનુભવ આપણને કોઈને કોઈ સત્યની ઝાંખી કરાવી જાય છે..કોઈ ઘટના આપણને આનંદ આપતી રહે ત્યાં સુધી આપણે કશું જ વિચારતા હોતા નથી..આપણો એ આનંદકેફ જ આપણને કોઈક અજાણ્યા અવાજના રણકારથી અલિપ્ત રાખે છે..કોઈક એકાદી ઠોકર કે અવહેલના જયારે આપણી એ ગતિને થંભાવે છે ત્યારે ઘડીભર માણસ વિચલિત થઈ જતો હોય છે..નિષ્ફળતા કે સફળતા એ બંનેને આપણે પોતાનાં ત્રાજવામાં તોડતા રહી સુખી કે દુઃખી થતા રહીએ છીએ..વાસ્તવમાં જો આપણે પોતાની જાતને વફાદાર રહી જીવતા રહીએ તો જીવનના કોઈપણ તબક્કે કયારેય કશુંય ગુમાવ્યાની પીડા આપણને થતી નથી..નરસિંહ મહેતા જેવા કવિ વરસો પહેલાં આપણને કહી ગયા છે કે સુખ દુઃખ મનમાં

અનુસંધાન પાના નં. ૭ પર

# કાળઝાળ ગરમીમાં શીતળ પરિણામ

**તંત્રીસ્થાનેથી...**

કપરા કોરોનાકાળ દરમિયાન શાળાઓને તાળાં વાગી ગયાં હતાં અને વિદ્યાર્થીઓ માટે એ બે વર્ષનો ગાળો ઘેર બેઠાં ઓનલાઈન શિક્ષણ મેળવી શક્ય એટલી સજ્જતા ટકાવી રાખવાનો હતો. ખાસ કરીને દસમું ધોરણ પાસ થયા પછી બારમા ધોરણની બોર્ડની પરીક્ષા ભવિષ્યની કારકિર્દી માટે બહુ જ અગત્યની બની રહેતી હોય ત્યારે કોરોના સંકટ આવા વિદ્યાર્થીઓ માટે આકરી કસોટીરૂપ નીવડે તે સ્વાભાવિક છે. ઓછામાં પૂરું ધંધા રોજગાર પર લાગેલી તાળાબંધી વાલીઓ માટે પણ એમનાં સંતાનોને યોગ્ય વ્યવસ્થા પૂરી પાડવામાં અડચણ સમી બની રહી હતી. ટ્યૂશન કલાસીસ પણ છાનાછપના ચાલતા હતા અથવા ઓનલાઈન ટ્યૂશન આપતા હતા. આ બધી પળોજણો વચ્ચે બારમા ધોરણના સાયન્સ પ્રવાહનું પ્રોત્સાહન પરિણામ જોઈને વિદ્યાર્થીઓ અને વાલીઓથી લઈ શાળા સંચાલકો, શિક્ષકો અને સરકાર સુધ્ધાંને હરખની હેલી ચડે તે સ્વાભાવિક છે. બાર સાયંસ પછી વિદ્યાર્થી માટે તબીબી કે ઈજનેરી શાખાઓનાં દ્વાર ઊઘડતાં હોય છે. આયોજનપૂર્વક મહેનત કરીને ઊંચું પરિણામ લાવનારા વિદ્યાર્થીઓનાં સપનાં સાકાર થયાં છે. સુરતના રત્ન કલાકારો તો હીરાનાં કારખાનાં બંધ થઈ જતાં સાવ નવરા થઈ ગયા હતા. પરંતુ એવા પરિવારની દીકરી કાશ્વી ભંડેરી ૯૯.૮૩ પરસેન્ટાઈલ લાવી શકી છે અને એવા કુટુંબનો દીકરો સાગર વેકરિયા ૯૯.૫૩ પરસેન્ટાઈલ સાથે એ-૧ ગ્રેડમાં ઊતીર્ણ થયો છે. કસોટીકાળમાં માનવીની ચેતના સવાઈ તાકાત સાથે બહાર આવે છે એનું આ ઉત્તમ ઉદાહરણ છે. માતાપિતાએ આર્થિક પડકારો વચ્ચે પણ સંતાનોને એમની કારકિર્દી માટે પૂરો સમય અને સંસાધન પૂરાં પાડી ધાર્યું પરિણામ મેળવવામાં મદદ કરી તે બદલ તેઓ અભિનંદનનાં હકદાર છે. બોર્ડનું પરિણામ શિક્ષણમંત્રીએ સ્વમુખે જાહેર કર્યું છે. ધો.૧૨ સાયંસનું ૭૨.૦૨ % પરિણામ આવ્યું છે જેમાં એ-૧ ગ્રેડના ૧૯૬ અને એ-૨ ગ્રેડમાં ૩૩૦૬ વિદ્યાર્થી પાસ થયા છે.સૌથી ઊંચું પરિણામ રાજકોટ જિલ્લાનું રહ્યું છે અને સૌથી નીચું દાહોદનું. લાઠી કેન્દ્રનું સૌથી વધુ ૯૬.૧૨% અને લીમખેડા કેન્દ્રનું સૌથી નીચું ૩૩.૩૩% રહ્યું છે. જે વિદ્યાર્થીઓ મેડિકલ - ઈજનેરી શાખામાં પ્રવેશ મેળવવા જરૂરી ટકાવારી નથી મેળવી શક્યા તેઓ બીએસસી કરીને આગળ ઉપરની કારકિર્દી બનાવી શકશે. આ વખતના 'બાર સાયંસ'ના પરિણામની એક વિશેષતા ઊડીને આંખે વળગે એ બારની છે. આ તમામ વિદ્યાર્થીઓએ ભાષામાં શ્રેષ્ઠ દેખાવ કર્યો છે. સામાન્ય રીતે એવી માન્યતા પ્રવર્તે છે કે સાયંસના વિદ્યાર્થીઓ ભાષાઓમાં નબળાં હોય છે. આ વખતનાં પરિણામોએ આ માન્યતા ખોટી ઠેરવી છે. હકીકતમાં તેજસ્વી વિદ્યારથી શાળાકાળ દરમિયાન તમામ વિષયોમાં સારો જ દેખાવ કરતો હોય છે. પરંતુ ટેકનિકલ લાઈનમાં આગળ જવાનું નક્કી કર્યા પછી એ ભાષા જેવા અતિ મહત્ત્વના અને જીવન સાથે જોડાયેલા વિષય પરત્વે ઉદાસીનતા કેળવી બેસે છે - કારણ કે ભાષામાં માર્ક્સ તો પરસેન્ટાઈલમાં ગણાતા નથી. આપણે આ પરિસ્થિતિ બદલવી જરૂરી છે. માતૃભાષાથી વિમુખ થઈ રહેલી નવી પેઢી સ્વાભાવિક રીતે જ માતૃભૂમિથી પણ વિમુખ થઈ જતી હોય છે. સારું ભણતર પુરું કરીને આપણું બુદ્ધિધન વધુ સારી કારકિર્દી માટે અમેરિકા, કેનેડા, યુકે અને ઓસ્ટ્રેલિયા તરફ દોટ મૂકતી રહી છે. આપણું સાચું ધન આપણાં સંતાનો છે. એમને યોગ્ય તક આપણા જ દેશમાં મળી રહે એ દિશામાં સરકાર પણ પ્રયત્નશીલ છે જ. 'આત્મનિર્ભર ભારત'નું સૂત્ર સરકારી નહીં રહેતાં પૂરેપૂરું 'અસરકારી' બની રહે એ દિશામાં પ્રયાસ થવા જોઈએ.

# ભગવાન કરતા માનવ મહાન છે?

## ભગવાન ઉપર વિશ્વાસ રાખનારા માણસો કયારેય દુઃખી નથી થતા ? ● પૈસાનો ઢગલો હોય તો કાળી ભેંસ પણ નથી દેખાતી ?




આજે ૯ વાગી ગયા હતા. આંબાનું ઝાડ ખાલી હતું. શનિવાર છે. બધા જ જાણે છે કે કોઈ જગ્યાએ જઈને હનુમાન ચાલીસાના પાઠ કરવા બેસી ગયા હોય એવું લાગે છે. અત્યારે તો હનુમાન ચાલીસાના પાઠ અને માઈક, માઈક બંધ કરો અથવા ઓછું કરો નઈ તો હનુમાન ચાલીસા ગાઈશ એવી પરિસ્થિતિ ચાલી રહી છે. ગુજરાતમાં કોઈ પ્રોબ્લેમ નથી. હનુમાન ચાલીસા અને માઈકવાળા બધા જ સુખેથી જીવી રહ્યા છે. સારી વાત છે. ભૂપેન્દ્રભાઈ પટેલના રાજયમાં હે રામરાજય છે. બધા જ આનંદ કરે છે. ખાલી ગરમી બહું છે. ૪૪°- ૪૫° ગરમીમાં પોપટનો કલર પણ કાળો થઈ જાય છે. અમદાવાદનો પોપટ ગાંધીનગરમાં આવતા આવતાં કાળો થઈ ગયો પણ કંઈ વાંધો નઈ કાળો તો કાળો પણ જીવે તો છે. મતલબ અગત્યની વસ્તુએ છે કે શારીરિક પીડાં કરતાં માનસિક પીડા વધારે ખરાબ. શરીરમાં કોઈ તકલીફ હોય તો પહોંચી વળાય પણ માનસિક તકલીફ હોય તો વધારે ખરાબ.

માનસિક તકલીફ એટલે સિક્કાની બે બાજુ. તમને જે બાજુ ગમતી હોય એ બાજુ તમે સિક્કો ઉછાળી અથવા ઉછાળ્યા વગર તમે ગમાડી શકો. ટૂંકમાં તમને જો સુખી રહેવું જ છે તો સુખી રહેવા માટે મનોબળ મજબુત કરવું પડે. પણ મનોબળ મજબૂત કરવા માટે શું કરવું જોઈએ ? ખાલી વાતો કરવાથી મનોબળ મજબૂત થતું નથી. કહેવાય છે કે જાપાન, જર્મની, અમેરિકા, કેનેડામાં વધારે પડતા માણસો માનસિક રીતે પીડાય છે. કારણ કે એ લોકો એવું માને છે કે અથવા માનવ સ્વભાવ એવો છે કે સારું બધું હું જ કરી શકું છું. મારાથી બધું સારું જ થાય. પણ ધારો કે કંઈ ખરાબ થયું તો એ કોઈ બીજાએ કર્યું. એટલે કે સારું બધું મારું ખરાબ બધું તમારું. આવી માનસિક બીમારી હોય છે. આવું આખી દુનિયામાં છે. જયારે આપણી ભારતીય સંસ્કૃતિ એવી છે કે સારું કર્યું તો પણ ભગાને કર્યું. ખરાબ કર્યું એ પણ ભગવાને કર્યું. પણ એ જે કરશે એની જવાબદારી ભગવાનની રહેશે. એટલે ભગવાન હંમેશા સારું જ કરે છે. આજે જે રીતે મારા ઉપર ખરાબ કંઈ થઈ રહ્યું છે તે પણ મારા સારા માટે જ છે. એક નાનો કાંટો વાગ્યો એની પીડા તો થાય પણ કંઈક મોટામાંથી બચી ગયા એવી માનસિકતા આપણી છે અને એના હિસાબે જ આપણે લાંબુ જીવી શકીએ છીએ. અને એટલે જ આપણે કહીએ છીએ કે સુડીનો ઘા સોયથી ટળ્યો.

આવું બધું આપણે માનીએ છીએ. એટલે આપણે સુખી છીએ. જયારે બીજા બધા દેશોમાં ભગવાન ઉપર આટલી બધી શ્રદ્ધા નથી હોતી. જેને લીધે સુખ તો સહન થઈ જાય પણ દુઃખમાં વધારે પડતાં લોકો લેવાય જાય છે... આવું બધું વિપુલ વિચારતો હતો. આવું વિચારતા વિચારતા વડના ઝાડ નીચે વડના ઝાડની નીચે ખુરશી લઈને પહોંચી ગયો. વિપુલ વિચારોમાં એટલો બધો મશગુલ હતો કે એને વડ નીચે બેસેલી ભેંસ પણ દેખાઈ નહીં. વિપુલ ભેસ ઉપર ચડીને નીચે પડ્યો. ત્યાં સામેથી દોડતાં ડાહ્યાલાલ, ગાંડાલાલ અને નીલેશ આવી ગયા. અને યાર વિપુલ તું શું કરે છે ? આવી મોટી ભેંસના દેખાઈ ? માંડ - માંડ વિપુલ ઊભા થતા બોલ્યો હું સારા વિચારોમાં હતો. અંધારામાં ભેંસ ના દેખાઈ આમા અકળાવ છો કેમ ? ડાહ્યાલાલે પૂછ્યું વિપુલ ખરેખર તું શું વિચારતો હતો બોલ ? વિપુલએ ઉપરની બધી વાર્તા કરી. ગાંડાલાલથી રહેવાયું નહીં, ગાંડાલાલ બોલ્યા જે માણસો કશું જ કરી શકતા નથી એ જ લોકો ભગવાનની ઉપર આશા રાખીને બેસે છે. જે લોકો બહુ આગળ છે એ લોકો ધર્મમાં બહુ પાછળ છે. હવે ડાહ્યાલાલે કહ્યું, ગાંડાલાલ બહારથી જે દેખાય એ સત્ય નથી હોતું પૈસા એ સર્વ સુખનું કારણ નથી હોતું. મોટા મોટા લોકોની મોટી મોટી વાતો હોય છે પણ વિપુલ પછી બોલ્યો, અસંખ્ય દુઃખો વચ્ચે ભગવાન ઉપરની શ્રદ્ધા જ તમને શાંતિથી જીવવા દે છે. એ સનાતન સત્ય જ છે.

### દિન મહિમા

- ગુરુ અમરદાસની પુણ્યતિથિ, ત્રીજા શિખગુરુ
- નુસિંહ જયંતિ વ્રત ઉપવાસ

### આજનું ઔષધ

- એલચી, ખજૂર અને દ્રાક્ષને મધ સાથે લેવાથી અશક્તિ દૂર થાય છે.

### ખડખડાટ

- હમારે શહેર મેં ગરમી કા એ આલમ હૈ ગાલીબ... કપડા ધોતે હી સુખ જાતા હૈ.... ઔર પેરતે હી ગીલા હો જાતા હૈ...

### આજનો વોટ્સએપ

- સુખ માણસના અભિમાનની પરીક્ષા લે છે જયારે દુઃખ માણસના ધીરજની...!

# તેજસ્વી નક્ષત્ર સમાન કવિગુરુ રવીન્દ્રનાથની પાવન સ્મૃતિ




મે મહિનાની આ કાળઝાળ ગરમીમાં કવિગુરુ રવીન્દ્રનાથ ટાગોરની મધુર સ્મૃતિ અંતરમાં ઊંડે સુધી શીતળતાનો ભાવ પ્રગટાવે છે. ઠાકુરનો જન્મ ૯ મે ૧૮૬૧ના રોજ કલકત્તામાં થયો હતો. આ સમયગાળો પરાધીન દેશ માટે પડકારરૂપ હતો. ૧૮૫૭ના સ્વાતંત્ર્ય માટેના ભીષણ સંગ્રામ પછી અંગ્રેજી સત્તાએ પોતાની મજબૂતી વધારવામાં વિશેષ ધ્યાન આપવાનું શરુ કર્યું હતું. લોર્ડ મેકોલેની પધ્ધતિએ દેશમાં અંગ્રેજી શિક્ષણની શરૂઆત થઈ હતી. આધુનિક પશ્ચિમની સંસ્કૃતિ સાથે સંઘર્ષની સાથે જ સમન્વયની પણ એક પ્રક્રિયા ગતિમાન થઈ હતી.

રવીન્દ્રનાથના પિતા દેવેન્દ્રનાથ ફારસી તથા સંસ્કૃતના ઊંડા અભ્યાસુ હતા. રવીન્દ્રનાથના ભાઈ સત્યેન્દ્રનાથ દેશના સર્વ પ્રથમ આઈ સી એસ અમલદાર બન્યા હતા. જે તત્કાલીન સમયમાં ઘણી મોટી ઘટના ગણાય. કવિગુરુ ભાઈ સાથે અમદાવાદમાં ૧૮૮૭માં રહ્યા હતા. પિતાની પ્રસિદ્ધ ઠાકુરવાડીમાં બાલ રવિન્દ્રનું ઘડતર થયું હતું. નિશાળમાં જવાનું તેમને પસંદ પડતું ન હતું. આથી ઘરે બેઠા જ તેમના શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી હતી. બાળવયમાં તેઓ શારીરિક મજબૂતી થાય તે હેતુથી સવારના પહોરમાં લંગોટ પહેરી કુસ્તીના દાવ કરતા હતા. છંદો-ગીતોનું અદમ્ય આકર્ષણ તેમને બાળપણથી હતું. તે સમયના રિવાજો મુજબ તેમનું લગ્ન બાવીશ વર્ષની વયે થયું હતું. તે વખતે કન્યા મૃણાલિનીદેવીની ઉંમર માત્ર ૧૦ વર્ષની હતી. પિતાની મોટી જાગીર હોવાથી તેના વહીવટનો અનુભવ પણ કવિને થયો હતો.

મહાત્મા ગાંધીને કવિગુરુ તરફ અનન્ય આકર્ષણ તેમજ આદરની ભાવના હતી. ૧૯૧૫માં ગાંધીજી આફ્રિકાથી પાછા આવ્યા બાદ તેમની શાંતિનિકેતનની મુલાકાત ત્વરિત ગોઠવાયેલી હતી. ૧૯૧૭માં ગાંધીજી કોંગ્રેસના અધિવેશનમાં હાજરી આપવા કલકતા ગયા હતા. આ સમયે તેમને ઠાકુરને મળવાની તક મળી હતી. કલકત્તાના કોંગ્રેસ અધિવેશનની કાર્યવાહી સાથે જ રવીન્દ્રનાથે લખેલું સુપ્રસિદ્ધ નાટક 'ડાકઘર' જોયું હતું. આ નાટક જોયું તેના સંદર્ભમાં એક અધ્યાપકને લખેલા પત્રમાં ગાંધીજીએ લખ્યું: 'કલકતામાં મને મજા પડી. પણ એ મજા કોંગ્રેસ અધિવેશનના મંડપમાં નહિ પરંતુ મંડપની બહાર પડી. કવિગુરુની ટીમે 'ડાકઘર' નાટકની ભજવણી કરી તેથી હું મુગ્ધ થયો. બંગાળી સંગીતની મને મોહિની લાગી'. ગાંધીજીના જીવનનું આ પણ એક મહત્વનું પાસું છે. મહાત્માને દરેક કળા બાબતમાં એક વિશિષ્ટ રસ હતો. તેમનું વ્યક્તિત્વ કલારસિક હતું.

સાંસ્કૃતિક તેમજ સાહિત્યિક ક્ષેત્રોમાં મહાત્મા હંમેશા કવિગુરુના વિચારોને મહત્વ આપીને પોતાના નિર્ણયો કરતા હોય તેમ લાગે છે. એક બહુ મહત્વની વાત છે જેની સાંપ્રતકાળમાં પણ અવારનવાર ચર્ચા થયા કરે છે. વિવાદો પણ થયા કરે છે. મતભેદો દર્શાવવામાં ઉગ્રતા આવી જાય છે. આવી એક મહત્વની વાત એ આંતરપ્રાંતીય વ્યવહારમાં હિન્દીની ઉપયોગીતા વિશેની છે. બાપુ આ બાબતમાં ગુરુદેવનો મત પૂછે છે. કવિ બાપુને પ્રત્યુત્તર આપતા લખે છે:

'એક માત્ર શક્ય એવી રાષ્ટ્રીય ભાષા હિન્દી જ છે. પરંતુ મને લાગે છે કે લાંબા ગાળા સુધી આપણે એ વાતને ફરજીયાત બનાવી શકીશું નહિ'. ગુરુદેવનું આ નિદાન આજના કાળમાં પણ કેટલું સચોટ તથા પ્રસ્તુત છે તેમ વિચારતા અહોભાવ થાય છે. કવિવર ક્રાંતદ્રસ્ટા હતા.

કવિગુરુ સાહિત્ય પરિષદના અધિવેશનમાં અમદાવાદ આવ્યા હતા. તે સમયે એક વાત અનેક વર્તુળોમાં થતી રહેતી હતી. નવજીવનમાં પણ તેના વિશે લખાતું રહેતું હતું. આ બાબત એ શાંતિનિકેતન ચલાવવા માટે આર્થિક સહયોગ આપવાની બાબત હતી. શાંતિનિકેતનનો ખર્ચ પૂરો કરવા માટે કવિગુરુને આર્થિક સહયોગની જરૂરિયાત હતી. ગાંધીજીએ આ વાતના સમર્થનમાં ૧૯૨૦માં નવજીવનમાં લખ્યું કે શાન્તિનિકેતનને આર્થિક સહયોગ આપવાની બાબતમાં ગુજરાતે ઉણપ બતાવી છે. ગાંધીજીની આ ટીકાની પ્રતિક્રિયા પણ આવી તે ઘટના રસપ્રદ છે. કેટલાક જાણીતા સજ્જનોએ લખ્યું કે શાંતિનિકેતન બંગાળમાં છે તો બંગાળ આ પોતાની જ સંસ્થાનું કેમ પોષણ કરતું નથી? આવા લોકોએ ઉદાહરણો આપીને દલીલો કરી કે ગુજરાતે તો હંમેશા દેશના દરેક ભાગ માટે જરૂરિયાતના સમયે મદદ કરી છે. ગુજરાતે કર્યું છે તેટલું બીજા કોઈ પ્રાંતે કર્યું નથી. ગુજરાતની આ બાબતમાં ઉણપ રહી છે તે વાત સાથે ઘણાં લોકો સંમત ન થયા. વ્યવહારકુશળ મહાત્માએ આ ચર્ચા પૂર્ણ કરતા લખ્યું કે ગુજરાતને આપતા આવડ્યું છે તેથી તે આપે છે. જો કે મહારાજા ભગવતસિંહજી (ગોંડલ) તથા રાણા નટવરસિંહજી(પોરબંદર) જેવા રાજવીઓની સારી એવી મદદ કવિગુરુને મળી હતી. પરંતુ શાંતિનિકેતનને મદદ કરવાની બાબતમાં ગાંધીજી સાથે રાજયના કેટલાક સાક્ષરોની વિચારભિન્નતા એ રસપ્રદ બાબત છે.

આપણાં સાહિત્યકારોમાં ભોળાભાઈ પટેલે જીવનભર કવિગુરુના સાહિત્ય પર ઘણું મહત્વનું તેમજ દીર્ઘજીવી કાર્ય કરેલું છે. ભોળાભાઈની સૌંદયર્દ્રષ્ટિ પણ તેમાં પ્રગટ થાય છે તેવું કવિ નિરંજન ભગતનું વિધાન સર્વથા ઉચિત છે. ઠાકુર તથા મેઘાણીની મુંબઈની મુલાકાત એ પણ ગુરુદેવને સૌરાષ્ટ્રના લોકસાહિત્યની વિશેષ નજીક આવવાની એક સુંદર તક સમાન છે. ગુરુદેવના નિમંત્રણ તેમજ નંદબાબુના આગ્રહથી જ મેઘાણી શાંતિનિકેતન જાય છે અને લોકસાહિત્ય-ચારણી સાહિત્ય પર વિધ્વતાપૂર્ણ પ્રવચનો આપે છે. મેઘાણીના દરેક પ્રવચન તેમજ તેમાં પ્રગટ થયેલા વિચારો અમૂલ્ય દસ્તાવેજ સમાન છે. શાંતિનિકેતનના વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકોને આ 'પઘડી બાબુ' તરફ અનન્ય આકર્ષણ થયું હતું.

૧૯૧૩માં ગુરુદેવને નોબેલ પારિતોષિક મળ્યું. કવિગુરુ બંગાળમાં કે ભારતમાં સીમિત ન રહેતા સમગ્ર વિશ્વમાં સુપ્રસિદ્ધ થયા. એમના સાહિત્યને વિશાળ વાચકવર્ગ પ્રાપ્ત થયો. ગુજરાતને શાંતિનિકેતન સાથે એક સળંગ નાતો રહ્યો. નગીનદાસ પારેખ, કૃષ્ણલાલ શ્રીધરાણી તેમજ કવિ પ્રહલાદ પારેખ જેવા લોકોએ સાહિત્યનો અભ્યાસ શાંતિનિકેતનમાં રહીને કર્યો. ૧૯૭૯થી ૧૯૮૨ સુધી કવિ ઉમાશંકર જોશી વિશ્વભારતી શાંતિનિકેતનના આચાર્ય તરીકે રહ્યા. કવિગુરુ તથા શાંતિનિકેતન સાથે ગુજરાતને વિશિષ્ટ સંબંધ રહ્યો છે.

# તડકાનું કાવ્ય...ફાગણના ફરકાટથી,જેઠના વિદાય સમારંભ સુધી...!




ઉનાળુ સાંજનો અંદાજ અનોખો હોય છે..ઉતરતા ઉનાળે વાયરો અલ્લડ હોય છે..અને એટલે જ કદાચ વનાંચલના કવિ નંદકુમાર પાઠકે ઝીલ્યું છે 'તારો છેડલો તું માથે રાખને જરા આ તો ચૈતર વૈશાખના વાયરા..લોક હૈયેથી નિકળતી આવી રચનાઓ જીવનના ધબકાર જેવી હતી..ઝવેરચંદ મેઘાણીએ તો એક આખેઆખું સંપાદન આપ્યું છે..સરસ મજાનું 'ઋતુગીતો'એ નામે...ફાગણને મધ્યકાળના કવિઓએ પણ ખુબ લાડ લડાવ્યાં છે... 'ફાગુ કાવ્યો' નો વૈભવ એની મૂડી છે..

કોઈ મને પૂછે કે તમને મનગમતી ઋતુ કઈ ? તો હું નિઃસંદેહ કહી શકું કે ઉનાળો..! અને એમાં પણ વ્હાલ કરવાનું મન થાય એવો મહિનો વૈશાખ... તમને નવાઈ લાગશે પણ મારી આ પસંદગી પાછળ ઘણાં કારણો છે... મારો જન્મ કામલપુર ગામમાં રતનમાના ઘરમાં વૈશાખની એક ઢળતી સાંજે થયેલો..રતનમા ગોપાલક ભરવાડ પરિવારનાં મોભી હતાં...વીસમી સદીના આરંભે કામલપુર ગામ વસ્યું અને એનું તોરણ બંધાયું એમાં જે પાંચ પવિત્ર વ્યકિતઓની પસંદગી થયેલી એમાં એકમાત્ર મહિલા રતનમા પણ હતાં... એમના જેવી પવિત્ર વાત્સલ્યમૂર્તિ મેં હજુ સુધી જીવનમાં જોઈ નથી... ભરવાડવાસના લીમડાઓ વચ્ચે વૈશાખની બપોરનો જે નજારો અમે જોયો છે એનું વર્ણન કરવા શબ્દો ઓછા પડે...

ગ્રામ્યજીવનમાં અખાત્રીજનું આગવું મહત્વ હતું... ફાગણમાં હોળી ધુળેટી..ચૈત્રની નવરાત્રી કે વૈશાખી પૂર્ણિમા...ઓતરા ચિતરાના તાપની પરાકાષ્ઠા જેવો જેઠ આ બધો ઉનાળાનો મિજાજ છે... ધોમધખતો પ્રતિભાવ ના આપે તો ઉનાળો શાનો ? આકરા ઉનાળા પછીની પ્રતિક્ષા શું હોય ? લોકકવિ કહે છે.

'કોટે મોર ટહુકિયા વાદળ ચમકી વીજ
રુદાને રાણો સાંભર્યો,આઈ અષાઢી બીજ...'

લોકજીવનમાં અષાઢી બીજનું અનોખું સ્થાન છે...મુગ્ધ પ્રેમીઓના હદયભાવો જુઓ...'વરસ વળ્યાં ,વાદળ વળ્યાં, ધરતી લીલાણી, એક વિજાણંદને કારણે શેણી સુકાણી..'/ ભાદરવો ભલે ગાજિયો ને ગાજયા વરસે મેહ..હું રે ભીંજાઉં ઘરઆંગણેને મારા પિયુ ભીંજાય પરદેશ..(રઢિયાળી રાત)...જે તપે છે એને જ અષાઢી ભીનાશની કિંમત સમજાય છે..વરસાદ અને હેલી અને ઘનઘોર વાદળ ને ઝબૂકતી ઝીણી વિજ સાથેના ચોમાસા માટે તો આપણા સાહિત્યમાં લખલૂંટ સામગ્રી પડી છે..

વૈશાખને વિસારે પાડી જેઠની આકરી મજલ કાપીએ તો જ શ્રાવણી સાંજની મજા શું હોય એ ખબર પડે છે..અષાઢ એ ચોમાસાનો ઉઘાડ છે..આગમનની એક અજાયબ અટારી છે..સાવન અને એનો મનભભાવન વૈભવ આપણી આશાઓને નવપલ્લવિત કરી જતો હોય છે...

જેઠ એ આમ જોઈએ તો વેઠ જેવો હોય છે..વૈશાખની બળબળતી બપોર નિખાલસ હોય છે..તડકો અને તાપ એ જ એની ઓળખ...ચૈતર અને વૈશાખ એમ જોઈએ તો ઓપન મિજાજ ધરાવે છે..જેઠ જરાક જુદા મિજાજનો છે.તાપ તડકો એ તો ખરાં જ પણ બફારો અને ઉકળાટ જેવાં આયુધો પણ એના ભાથામાં ભરીને એ આવે છે..ખેડૂતો માટે પણ કેવળ પ્રતિક્ષાનો એ સમય હોય છે..આકાશના ભીતર જેવું કે ઉનાળાના આકરા મિજાજ જેવું...! કયારેક વાદળછાયું રૂપ તો કયારેય ધખધખતી ધૂપ...!

કયાંક ભૂતાવળ જેવી ડમરીઓ તો ક્યાંક ઉષ્ણ લ્હેરખીઓની લપડાકો...જેઠપ્રથા પણ આમ જોઈએ તો વેઠપ્રથા જેવી હોય છે.. ! ગ્રીષ્મનું આખું પેકેજ હોય છે... એમાં સૌંદર્ય આપણા માપદંડોથી જોઈએ તો ફક્ત ફાગણનું જ ગણી શકાય..'મને ફાગણનું ફુલ એક આપો કે..' જેવાં ગીતો કે કેસૂડો કામણગારો જેવા પ્રાસ એના ખાસ ઉદગારો હોય છે...વિતેલા શિયાળાની વિસરાતી ટાઢક એના પંડમાં જળવાઈ હોય છે..એટલે જ ફાગણની સવાર એ વાનપ્રસ્થ શિયાળા જેવી લાગતી હોય છે..!

ચૈત્ર આમ જોઈએ તો આકરા પાણીએ આવતો હોય છે પણ થોડાક તહેવારો અને પ્રસંગો થકી એ માઝામાં રહેતો હોય છે... વૈશાખ એ ઉનાળાનું ઉતુંગ શિખર છે પણ એની એક આગવી શાન છે..બળબળતો તાપ એ જ એનો મિજાજ... એ તમને વાદળોની રખડપટ્ટી કે ઠંડી લ્હેરખીઓની સહેલગાહની એકાદી ઝલક પણ આપતો નથી..એ રીતે જોઈએ તો 'જેવો છું તેવો...' એવું કહેતા કોઈ લડાયક માણસ જેવો આત્મીય લાગે..

આ બધામાં જેઠ એ જરા જુદી જાતનો જલદ મિજાજ ધરાવતો ઉનાળાનો આખરી વારસદાર છે... એને આમ જોઈએ તો ગ્રિષ્મની આખી વિરાસતનો વીંટલો વાળવાનો હોય છે..જેઠનું આમ જોઈએ તો કોઈ પોતીકું સૌંદર્ય નથી... મારા જેવા રડયા ખડયા કોઈ એને શબ્દોમાં સજાવી આલેખવાનો પ્રયાસ કરે એટલું જ... એના ચહેરા ઉપરની આકળવિકળ રેખાઓ કે એના સ્વભાવના સૂસવાટાઓમાં એક પોતીકો મિજાજ જરૂર હોય છે... કોઈ કવિ ધારે તો એના ઉપર કવિતા લખી શકે... કોઈ સલ્તનત કડડભૂસ થતી હોય એના આખરી સુલતાન કે છેલ્લા રાજા જેવી બેફિકરાઈ એનામાં સહજ જોવા મળે છે...! કોઈ ઈતિહાસકાર એને વર્ણનોમાં અંકિત કરી શકે.

ઉનાળાને આટોપી એના ઉપર ટાંપીને બેઠેલું ચોમાસું જેઠને સતત બેબાકળો રાખે છે..અને એટલે જ એની અસરમાં આવનાર સૌ કોઈ ત્રાહિમામ પોકારે એમાં શી નવાઈ ! બે વિભિન્ન પ્રકારની આબોહવા ધરાવતા દેશો વચ્ચેની જે સરહદ હોય છે એવી જ હાલત એની હોય છે. એક તરફ સરી રહેલો ગરમ લ્હાય ઉનાળો અને બીજી તરફ ભીનાશમય ફોરાં અને વ્હાલપથી ડોકાતી વાદળીઓ વચ્ચે એને ઉનાળાનો વિદાય સમારંભ ગોઠવવાનો હોય છે...!

અષાઢી બીજ સુધી એની એ લડત ચાલતી રહે છે..અને અષાઢના આગમને જ્યાં આખું આભ લીલુંછમ થઈ જાય ત્યારે મેદાન છોડી રહેલો જેઠ.. સમયસૂચકતા જાળવી ભાગી રહેલા કોઈ યોધ્ધા જેવો લાગતો હોય છે !